# દક્ષિણ ગુજરાતમાં ભારે મેઘ ખાંગા

## ભારે વરસાદથી જનજીવન ઠપ : તંત્ર સાબદુ બન્યું : તાપીના સોનગઢમાં ૯ ઈંચથી પણ વધુ વરસાદ : છેલ્લા ૧૨ કલાકના ગાળામાં જ વધઈમાં નવ, આહવામાં સાત, સાપુતારામાં ૫, વલસાડ અને વ્યારામાં ત્રણ ત્રણ ઈંચ વરસાદ : લોકોને સાવધાન કરાયા



અમદાવાદ, તા.૭

દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદના કારણે જનજીવન ફરી એકવાર અસ્તવ્યસ્ત થઈ ગયું છે. જુદા જુદા ભાગોમાં કલાકોના ગાળામાં જ નવ ઈંચ સુધીનો વરસાદ થયો છે. મળેલી માહિતી મુજબ આહવા, સાપુતારા, તાપીના સોનગઢ સહિતના વિસ્તારોમાં કલાકોના ગાળામાં જ ધોધમાર વરસાદના લીધે ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે લોકો પણ મુશ્કેલીમાં મુકાયા છે. પ્રાપ્ત માહિતી મુજબ વધઈમાં ૮.૭ ઈંચ, આહવામાં ૭ ઈંચથી વધુ, સાપુતારામાં પાંચ ઈંચથી વધુ, ડાંગના સબર ગામમાં આઠ ઈંચથી વધુ, તાપીના સોનગઢમાં ૮ ઈંચથી વધુ વરસાદ ટુંકા ગાળામાં જ ખાબકી જતા તંત્રને સાવચેતીના પગલાં લેવાની ફરજ પડી છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના લીધે નદીઓ પણ બે કાંઠે થઈ ગઈ છે. ડાંગમાં કોઝવે પાણીમાં ગરકાવ થઈ જતા અનેક ગામડાઓ સંપર્ક વિહોણા થઈ ગયા છે. ધરમપુરમાં ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પગલે નદીઓમાં પાણીની સપાટી વધી ગઈ છે. દક્ષિણ ગુજરાતના સોનગઢમાં નવ ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો છે. ડાંગ, વ્યારા, ઉમરપાડા સહિતના વિસ્તારોમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. તંત્ર દ્વારા નીચાણવાળા અને નદી કાંઠાના વિસ્તારમાં રહેતાલોકોને દરિયા કિનારે ન જવા અને સાવધાન રહેવા માટે સૂચના આપવામાં આવી છે. બીજી બાજુ વહીવટીતંત્ર સાબદુ થઈ ગયું છે. સંબંધિત અધિકારીઓને સાવધાન રહેવા માટે કહેવામાં આવ્યું છે. વરસાદી માહોલ હજુ અકબંધ રહે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. ઉત્તર અને મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાઓનો દોર જારી રહી શકે છે.

ગુજરાતના અન્ય કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાનો દોર છેલ્લા ૨૪ કલાકમાં જારી રહ્યો છે. અમદાવાદમાં વરસાદમાં બ્રેકની સ્થિતિ જોવા મળી રહી છે. હળવા વરસાદી ઝાપટા પડ્યા બાદ વરસાદી સિઝનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ગયા વર્ષની સરખામણીમાં આંકડા ચોક્કસપણે ઓછા છે પરંતુ કેસો ઉપર નિયંત્રણ આવી રહ્યું નથી.

# અનેક ડેમ ઓવરફ્લો

## નર્મદામાં આંબલી ગામ પાણીમાં ગરકાવ : ડાંગમાં કોઝવે પાણીમાં ગરકાવ થતા કેટલાક ગામડા સંપર્ક વિહોણા થયા

અમદાવાદ, તા. ૭

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના પરિણામ સ્વરૂપે અનેક નદીઓ બે કાંઠે થઈ છે. સાથે સાથે અનેક ડેમ છલકાઈ ગયા છે. અનેક ડેમમાં પાણીની આવક વધી ગઈ છે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે ડાંગમાં કોઝવે પાણીમાં ગરકાવ થઈ જતા અનેક ગામડાઓ સંપર્કવિહોણા થઈ ગયા છે. નર્મદામાં આંબલી ગામ પાણીમાં ગરકાવ થઈ ગયું છે. જેના લીધે અનેક ગામો સંપર્કવિહોણા થયા છે. અંબિકા અને ઓરસંગ નદીઓમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વચ્ચે નદીઓના ઉપરવાસમાં પણ ભારે વરસાદથી મીંઢોળા અને અંબિકા નદી બે કાંઠે થઈ ગઈ છે. દમણગંગા નદીના ઉપરવાસમાં આવેલા મધુબન ડેમના દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. નદીમાં એક લાખ ક્યુસેક પાણી આવી ગયું છે. ધરમપુર ડાંગના ઉપરવાસમાં ભારે વરસાદના લીધે કોઝવે પાણીમાં ડુબી ગયો છે. આ ઉપરાંત ધરમપુરમાં વણખંભા ગામે આવેલી પારનદીમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ છે. વરસાદને લઈને નદી બે કાંઠે થઈ ગઈ છે. તાપી જિલ્લામાં આવેલા ડોસવાડા ડેમ ઓવરફ્લો થઈ ગયો હોવાના અહેવાલ મળ્યા છે. ડોસવાડા ડેમમાં પાણીની સપાટી ૧૨૩.૪૪ સુધી પહોંચી છે. પાણીની સપાટી ચિંતાજનક રીતે વધી



છે. બીજી બાજુ સુરતની જીવાદોરી સમાન ગણાતા ઉકાઈ ડેમમાં પણ નવા નીર આવી ગયા છે. ઉકાઈ ડેમની સપાટી વધીને ૨૫૧.૦૧ સુધી પહોંચી છે. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા અને નદી કાંઠાના વિસ્તારમાં રહેતા લોકોને સાવધાન કરવામાં આવ્યા છે. ઓરસંગ નદીમાં પણ ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ છે.

# બીબીએ કોલેજ દ્વારા રીસર્ચ મેથોડોલોજી વિષય પર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના તૃતીય વર્ષના ૧૮૦ વિદ્યાર્થીઓ માટે "રીસર્ચ" ક્ષેત્રે વર્કશોપનું આયોજન કરવામાં વ્યક્તિનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈ રીતે અગ્રેસર થઈ શકે તે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી. ત્યારબાદ આજના મુખ્ય વિષય "રીસર્ચ મેથોડોલોજી" બાબતે વિદ્યાર્થીઓને ઊંડાણ પૂર્વક સમજ ખુબ ઉજજવળ તકો છે જેનો વિદ્યાર્થીઓ મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.

વર્કશોપના આખરી પડાવમાં તૃતીય વર્ષના વિદ્યાર્થી તેમજ આજના તજજ્ઞ વક્તા ડો. લિટ્ટી ડેનીસએ પોતાના



આવ્યું હતું. જેમાં ડો. લિટ્ટી ડેનીસ (અધ્યાપક, સેન્ટ્રલ યુનીવર્સીટી-ગાંધીનગર) દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના દ્વારા તેઓને આવકારવામાં આવ્યા હતા તેમજ રીસર્ચના વિષય શિક્ષક તરીકે રીસર્ચનું કોર્પોરેટ જગતમાં તેમજ પોતાના ધંધામાં યોગદાન વિષે સમજ આપી હતી અને ત્યાર બાદ આજના તજજ્ઞ વક્તાનો પરિચય આપ્યો હતો.

મુખ્યવકતા દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દીના ઘડતર માટે પહેલા આંતરિક રીતે આપી હતી જેમાં રીસર્ચનું મહત્વ, તેના હેતુઓ સ્પષ્ટ કરવા તેમજ રીસર્ચ ના પ્રકારો બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સાથે-સાથે રીસર્ચ કાર્યમાં પ્લેગરીસમનો અર્થ સમજાવ્યો હતો તેમજ કઈ રીતે પ્લેગરીસમ ટેસ્ટ થાય તેમજ યોગ્ય રીસર્ચ માટે તેમાંથી બચવા માર્ગદર્શિત કર્યા હતા. રીસર્ચ બાબતે શીર્ષકની પસંદગી અને તેમાં રાખવી પડતી ચોકસાઈની વિગતો વિદ્યાર્થીઓને આપી હતી. તેમણે શ્રેષ્ઠ કારકિર્દી ઘડવા માટે પહેલાથી જે તે ક્ષેત્ર માટે પુરતી સમજ કેળવવી જોઈએ તેમ જણાવતા કહ્યું કે મેનેજમેન્ટ ના તમામ ક્ષેત્રમાં સાંપ્રત સમયમાં અભિપ્રાયમાં જણાવ્યું હતું કે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.બી.એ. કોલેજ રીસર્ચ જેવા ઉદ્યોગિક જગતમાં ઉપયોગી વિષય કોર્ષના ભાગ રૂપે ભણાવે છે તેમજ તેની પ્રાયોગિક તાલીમ માટે તજજ્ઞ વક્તાને આમંત્રિત કરી અને તેના વિશિષ્ઠ જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને અપાવે છે તે વિદ્યાર્થીઓ માટે ગૌરવની બાબત છે. સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો. જયેશ તન્ના, ડો. આશિષ ભુવા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# નિરમાના સફાઈ કામદારોને ગણવેશ વિતરણ થકી સ્થાપના દિન ઉજવતી ઈન્ડિયન લાયન્સ સંસ્થા

ગાંધીનગર, તા.૭

ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબ દ્વારા તા. ૦૫/૦૭/૨૦૧૮ ગુરૂવારના રોજ મહેસાણા જિલ્લાના મંડાલી ગામે નિરમા કંપનીની ફેકટરીમાં 'ઈન્ડિયન લાયન્સ ફાઉન્ડેશન ડે' અંતર્ગત સફાઈ કામદારોને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યુ હતું. જેમાં બહેનોને સાડી તથા ભાઈઓને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઈન્ડિયન લાયન્સ સંસ્થાને ૨૩ વર્ષ પુરા થવાના પ્રસંગે, સમગ્ર ગુજરાતમાં સંસ્થાના મેમ્બર્સ આ સમગ્ર સપ્તાહને સંસ્થાના જન્મ દિવસ તરીકે ઉજવી રહ્યા છે.

ઈન્ડિયન લાયન્સ સંસ્થાના ચેરમેન હિતેષભાઈ પંડયાસરએ આ પ્રસંગે કહ્યું હતુ કે, 'ઈન્ડિયન લાયન્સ એટલે ભારતિય સંસ્કૃતિની ધરોહરને આગળ વધારતી તથા લોકોમાં રાષ્ટ્રભાવના જાગૃત કરતી સંસ્થા છે. જેમાં સ્વદેશી વિચારધારા તેમજ સ્ત્રી સશકિતકરણના વિચારોને સુદૃઢ કરવા, સેવાકિય, શૈક્ષણિક તથા સમાજ ઉપયોગી પ્રવૃતિ કરવી એ મુખ્ય ધ્યેય રહેલો છે.'

ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબના પ્રમુખ શિલ્પા બી દેસાઈએ જણાવ્યુ હતું કે આ સંસ્થા સામાજિક કાર્ય કરે છે. હંમેશા નાનામાં નાના વ્યકિતને પણ માનપૂર્વક જોવુ તે અમારા સંસ્કાર છે. દરેક વ્યકિત પોતાની સ્વતંત્રતા ન છીનવાય અને વિકાસ થાય, પ્રગતી કરે તે અમારો હેતુ છે. આજના આ પ્રસંગે તેમણે જણાવ્યુ હતુ કે અમારી સંસ્થા સ્ત્રીઓમાં રહેલ નેતૃત્વના ગુણનો વિકાસ કરે છે. જીવનમાં સંઘર્ષ કે તકલીફોના સમયે સ્વાભિમાન પૂર્વક જીવતા શીખવાડે છે. જીવનના દરેક પડાવમાં મહિલાઓએ પોતાના સ્વાભિમાનના ભોગે કોઈ જ નિર્ણય ન કરવો જોઈએ.

ઈન્ડિયન લાયન્સ કલબના નેશનલ ચેરમેન હિતેષભાઈ પંડયા, તથા ઈન્ડિયન લાયન્સ સંસ્થાના નેશનલ વાઈસ ચેરમેન આશાબેન પંડયા, ગૌડ બ્રાહમન સેવા સમિતિ, અમદાવાદના પુરષોત્તમભાઈ શર્મા તથા નિરમા ફેકટરીના ઈન્ચાર્જ ભાનુભાઈ પટેલ, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબના પ્રમુખ શિલ્પા બી દેસાઈ, ઉપપ્રમુખ મનીષાબેન ગોહિલ, ભાવનાબેન દેસાઈ તથા લાયોનેસ જયેશ્રીબેન સોની, ગીતાબા ચૌહાન, ઉષાબેન કતીરા, સરોજબેન દવે, ચંદ્રીકાબેન તથા લાયન્સ ઉદયભાઈ પાંભર, ભરતકુમાર દેસાઈએ હાજરી આપી હતી.

# ગુજરાત કેમિકલ પોર્ટ ટર્મિનલ કંપની દ્વારા ૧૦.૪૮ કરોડનો ડિવિડન્ડ ચેક અર્પણ

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ગુજરાત કેમિકલ પોર્ટ ટર્મિનલ કંપની દ્વારા કુલ રૂ.



૧૦.૪૮ કરોડના ડિવિડન્ડ ચેક જીઆઈડીસીના એમ.ડી. સુશ્રી ડી. થારાએ ગાંધીનગરમાં અર્પણ કર્યા હતાં.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે રાજ્ય સરકારના સાહસોનો આ કંપનીમાં ૫૯ ટકા શેર ફાળો રહેલો છે. ગત નાણાકીય વર્ષમાં આ ટર્મિનલ કંપનીએ સૌથી વધુ નફો રળીને રૂ. ૧૧ કરોડ ડિવિડન્ડ તરીકે ચુકવેલા છે.

રાજયની આ એકમાત્ર કેમિકલ પોર્ટ ટર્મિનલ કંપની છે જે દર વર્ષે ૪.૫ લાખ મેટ્રિક ટન કેમિકલનું હેન્ડલિંગ કરે છે.

દહેજમાં પોતાની એક જેટી ધરાવતી આ ગુજરાત કેમિકલ પોર્ટ ટર્મિનલ કંપની વાયોલેટ હાઈડ્રોકાર્બન્સના સ્ટોરેજ માટે ૩૬ ટેન્ક પણ ત્યાં ધરાવે છે. દહેજના PCPIRના વિકાસમાં આ ટર્મિનલ કંપનીનું નોંધપાત્ર પ્રદાન છે.

એટલું જ નહીં, દહેજમાં પોતાની ક્ષમતાઓની વૃદ્ધિ અને કાર્ય વિસ્તરણ માટે ગુજરાત કેમિકલ પોર્ટ ટર્મિનલ કંપની એક બીજી જેટીનું પણ આયોજન કરી રહી છે.

# નેચરલ ફલેવર્સ, હાઈજેનિક સોફ્ટ ડ્રીન્ક દેશના બજારમાં

સોફ્ટ ડ્રીંકની દુનિયામાં મલ્ટીનેશનલ અને આંતરરાષ્ટ્રીય કંપનીઓના વર્ચસ્વ બાદ હવે હેલ્ધી, નેચરલ ફલેવર્સ અને હાઈજેનીક સોફ્ટ ડ્રીન્ક અને જયુસ બેઝ્ડ ડ્રીન્ક સાથે હવે ભારતીય કંપની સરભરા ફુડ એન્ડ બેવરેજીસ લોકોના આરોગ્ય અને તંદુરસ્તીને ધ્યાનમાં રાખી અનોખા કન્સેપ્ટ સાથે માર્કેટમાં ધૂમ મચાવી રહી છે. સરભરા ફુડ એન્ડ બેવરેજીસ દ્વારા તેના નવા સ્ટો નામના સોફ્ટ ડ્રીન્ક ઉપરાંત જીરા સોડા, મેંગો જયુસ, કલીયર લેમન અને મીનરલ વોટરની પ્રોડકટનું અમદાવાદમાં લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. સૌથી નોંધનીય વાત તો એ છે કે, સોફ્ટ ડ્રીન્કના પેકીંગ માટે પ્લાસ્ટિકની બોટલ જોખમી હોવાથી કંપની દ્વારા પેટ વર્જીન મટીરીયલ્સમાંથી પોતાની જ ફેકટરીમાં તૈયાર કરાયેલી બોટલમાં પીણું પેક કરવામાં આવે છે, આ બોટલ રિસાયકેબલ હોવાથી પર્યાવરણને પણ કોઈપણ પ્રકારના નુકસાનનો ખતરો નથી. એટલું જ નહી, કંપની જીરા સોડા, મેંગો જયુસ, કલીયર લેમન, કલબ સોડા અને ઓરેન્જ બાદ હવે આગામી દિવસોમાં શીકંજી અને બાફલો જેવા પીણાં માર્કેટમાં લાવી રહી છે એમ અત્રે સરભરા ફુડ એન્ડ બેવરેજીસના એમ.ડી અને ચેરમેન સૌરભભાઈ શાહ અને વાઈસ ચેરમેન કશીશ શાહે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સોફ્ટ ડ્રીન્ક અને અન્ય પીણાંને લઈ સામાન્ય રીતે લોકોમાં તેનાથી થતા નુકસાનને લઇ જે માન્યતાઓ પ્રવર્તી રહી છે તેને મિથ્યા સાબિત કરવાના હેતુથી અમે લોકોની તંદુરસ્તી અને આરોગ્યને ધ્યાનમાં રાખી એકદમ હેલ્ધી, નેચરલ ફલેવર્ડ અને હાઈજેનીક સોફ્ટ ડ્રીન્ક અને પીણાંની પ્રોડક્ટ લોન્ચ કરી રહ્યા છીએ.

### હલ્લાબોલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નેતાઓએ જણાવ્યું હતું. તે ઉપરાંત હાર્દિક પટેલે બુટલેગરોને આતંકવાદીઓ સાથે સરખાવી કડકમાં કડક દારૂબંધીની અમલવારી થાય તેવું સૂચન કર્યું છે. તો બીજી તરફ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્ર સિંહ યાદવ સમગ્ર ઘટનાની તપાસ ગાંધીનગર એલસીબી ને સોંપી છે અને આ બનાવ અંગે તટસ્થ તપાસ કરવા સૂચના આપી છે. તેમણે ઉમેર્યુ હતું કે જે મહિલાના ઘરમાં જનતા રેડ થઈ હતી તે મહિલા ના પતિ સ્વર્ગવાસી થઈ ચુક્યા છે અને તે લિસ્ટેડ બુટલેગર હતા. તે ઉપરાંત તે મહિલા સામે પણ નવેક મહિના પહેલા દારૂ વેચવાના ગુના દાખલ થયેલા છે. દેશી દારુ ની પોટલી તેમને જ હતી કે કેમ તે સહિતની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

### સર્વેલન્સ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રણ રાઉન્ડ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના સંપન્ન થઈ ચુક્યા છે. જિલ્લા મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જે મોટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે તે વિસ્તારોમાં આ સર્વેલન્સની કામગીરીનો ૬ઠ્ઠીથી આરંભ કરી દેવામાં આવ્યો છે. આ સર્વેલન્સ ૧૪મી સુધી ચાલશે.

# પ્રજાને આત્મ સંતોષ થાય અને વહીવટી તંત્ર વધુ લોકભિમુખ બની વિકાસકાર્યો અને પ્રશ્નોનું ઝડપી નિરાકરણ કરે : પરબતભાઈ પટેલ

## ગાંધીનગર અને કલોલ ખાતે પ્રાંત કક્ષાએ જિલ્લાના પ્રશ્નો અંગે યોજાયેલ સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર અને કલોલ પ્રાંત કક્ષાની બેઠકને સંબોધતા ગાંધીનગર જિલ્લા પ્રભારી અને પાણી પુરવઠા અને જળ સંપતિ કાર્યપ્રણાલીમાં ઝડપ લાવી સમય મર્યાદામાં ગરીબલક્ષી સહાય યોજનાનાં લાભો પ્રત્યેક જરૂરતમંદ લોકોને પ્રાપ્ત થાય તે દિશામાં કાર્યો હાથ ધરવા જોઈએ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીથી પરબતભાઈ પટેલે જિલ્લા વિકાસ અધીકારી હીતેષ કોયા, મ્યુનીસીપલ કમિશ્નર એસ.એલ. અમરાણી, જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ સાથે બેઠક કરી હતી. પ્રાંત કક્ષાની ગાંધીનગર



રાજ્ય મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે વિવિધ વિકાસલક્ષી યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય તથા જિલ્લા વહીવટી તંત્ર વધુ લોકાભિમુખ બનીને પ્રજા સુધી ત્વરીત લાભો આપીને પ્રજાના પ્રશ્નોનું ઝડપી નિવારણ થવુ જોઈએ.

ગાંધીનગર ખાતે અને કલોલ ખાતે યોજાયેલ સમીક્ષા બેઠકમાં મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને તેના પ્રજાને મળેલ લાભો તથા ઉપલબ્ધિઓથી વિકાસ કાર્યોને વધુ વેગ મળ્યો છે. વહીવટી અડચણો ઝડપથી દૂર થાય અને વિકાસલક્ષી કાર્યોથી પ્રજાને આત્મસંતોષ થાય તે પ્રમાણે દેશની ઈમેજ વધી છે. ખેડૂતોને પાકોનાં ટેકાના ભાવ, પાક વીમો, પ્રધાનમંત્રી આવાસ યોજના, પેન્શન યોજના સહિત એ.ટી.વી.ટી. અને જિલ્લા આયોજન મંડળના હાથ ધરાયેલા વિકાસ કામોના અમલીકરણ અંગે સમીક્ષા કરી હતી.

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે વિવિધ વિકાસ કાર્યક્રમોમાં લોક ભાગીદારીથી જ શ્રેષ્ઠ પરિણામો હાંસલ થાય છે. ગાંધીનગરમાં તાલુકા કક્ષાએ અને દરેક સમાજને સ્પર્શતા પ્રશ્નોની સમીક્ષા કરીને રાજય સરકારનાં લાભો પ્રજાને ઝડપભેર મળે તેવા પ્રયાસો કરાશે.

જિલ્લા પ્રભારી મંત્રી અને કલોલ ખાતે યોજાયેલ બેઠકમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ, તાલુકા પંચાયતનાં પ્રમુખો અને હોદ્દેદારો ઉપસ્થિત રહયાં હતાં. કલોલ ખાતે યોજાયેલ સમીક્ષા બેઠકમાં સાંસદ જયશ્રીબેન પટેલ, પૂર્વ ધારાસભ્યો અતુલ પટેલ, અમીતભાઈ ચોધરી, જિલ્લા ભા.જ.પ. પ્રમુખ નૌલેશભાઈ શાહ ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈ, કલોલ પ્રાંત અધિકારી હર્ષ યાદવ, ગાંધીનગર મામલતદાર કે.એ. પટેલ સહિત સબંધિત તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

# વડોદરા નજીક રણોલીમાં નવી પ્રોડકશન લાઈન શરૂ

અમદાવાદ,તા. ૭

દેશની સુરક્ષા માટે બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ સીસ્ટમના શ્રેણીબધ્ધ ઉત્પાદનની જરૂરિયાત પૂર્ણ કરવા દેશની જાણીતી કંપની એલએન્ડટીની કંપની એલએન્ડટી ડિફેન્સ દ્વારા વડોદરા નજીક રનોળી ખાતે નવી પ્રોડકશન લાઈનની શરૂઆત કરવામાં આવી છે. લગભગ બે દાયકાથી અતિ સફળ બ્રહ્મોસ મિસાઈલ પ્રોગ્રામ સાથે જોડાયેલી એલએન્ડટી ડિફેન્સ હવે બ્રહ્મોસ ટીએલસીનું શ્રેણીબધ્ધ ઉત્પાદન કરવા સજ્જ બની છે. બ્રહ્મોસ એરોસ્પેસના સીઈઓ અને એમડી ડો.સુધીર કે.મિશ્રાએ બ્રહ્મોસ મિસાઈલ સબસીસ્ટમના ઉત્પાદન માટે ગુજરાતની બીજી પ્રોડકશન લાઈનનું ઉદ્ઘાટન કર્યું હતું. તાજેતરમાં જ સફળતાપૂર્વક પરીક્ષણ કરાયેલ બ્રહ્મોસ મિસાઈલ સીસ્ટમને એલએન્ડટીએ ઉત્પાદન કરેલ સંયુકત એરફ્રેમ્સ અને ટ્રાન્સપોર્ટ લોન્ચ કેનિસ્ટર (ટીએલસી) સાથે ઈન્ટીગ્રેટ કરવામાં આવી છે. એલએન્ડટી ડિફેન્સે બ્રહ્મોસ મિસાઈલ માટે સંયુકત એરફ્રેમ્સ સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે. આ અંગે બ્રહ્મોસ એરોસ્પેસના સીઈઓ અને ડિરેકટર જનરલ(બ્રહ્મોસ) ડો.સુધીર મિશ્રાએ જણાવ્યું હતું કે, બ્રહ્મોસ મિસાઈલના સ્ટોરેજ, પરિવહન અને લોન્ચ માટે ડિઝાઈન કરેલ કેનિસ્ટરનું ઉત્પાદન કરવા ગુજરાતમાં આ નવી પ્રોડકશન લાઈન શરૂ કરવામાં આવી છે. મિસાઈલ માટે કેનિસ્ટર બે પ્રકારે ઉપયોગી છે. જે સ્ટોરેજ કમ ટ્રાન્સપોર્ટ અને લોન્ચ કરવા માટે કન્ટેઈનર પ્રદાન કરે છે. અત્યારે બ્રહ્મોસે સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન અને ઈન્ટીગ્રેશનની મજબૂત ઈકોસીસ્ટમ ઉભી કરી છે. બ્રહ્મોસ મિસાઈલ માટે સંયુકત એરફ્રેમ, કેનિસ્ટર અને આનુષંગિક સબસીસ્ટમ મેળવવા માટે સ્વદેશી ક્ષમતા ધરાવતી અને સવિધાઓ વિકસાવવા ડીઆરડીઓના માર્ગદર્શન હેઠળ અમારી સફર શરૂ થઈ હતી.